# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - જૂનાગઢ

## બાળમેળો ડોક્યુમેન્ટ
## વર્ષ ૨૦૨૨-૨૩




**સંકલન**

**શ્રીમતી કંચનબેન ભૂત**
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

**માર્ગદર્શક**

**શ્રીમતી કંચનબેન ભૂત**
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

# લેખન - સંપાદન



| ક્રમ | કર્મચારીનુ નામ | સંસ્થાનું નામ | તાલુકાનું નામ |
|---|---|---|---|
| ૧ | ધર્મેશ પી. સેલારકા | સી.આર.સી. નાનાકોટડા | તા. વિસાવદર<br>જિ. જુનાગઢ |
| ૨ | કેતનભાઈ વી. રૂપાપરા | બી.આર.પી.કો. પ્રજ્ઞા – ભેસાણ | તા. ભેસાણ<br>જિ. જુનાગઢ |
| ૩ | પ્રતાપસિંહ આર.જેઠવા | સી.આર.સી. મહોબતપુર | તા.વંથલી<br>જિ. જુનાગઢ |
| ૪ | જિજ્ઞેશ આર. મહેતા | સ્પે.એજયુકેટર - અગતરાય | તા. કેશોદ<br>જિ. જુનાગઢ |
| ૫ | વિરલ પી. દુતિયા | બી.આર.પી. પ્રજ્ઞા – જુનાગઢ ગ્રામ્ય | તા. જુનાગઢ ગ્રામ્ય<br>જિ. જુનાગઢ |
| ૬ | અલ્પાબેન ડી. કાચા | સી.આર.સી. પ્રાયોગિક | તા. જુનાગઢ સિટી<br>જિ. જુનાગઢ |
| ૭ | મુકેશ એમ. ચાવડા | સી.આર.સી. કાલેજ | તા. માંગરોળ<br>જિ. જુનાગઢ |
| ૮ | પ્રદીપ એન. ઠાકર | સી.આર.સી. કન્યાશાળા મેંદરડા | તા. મેંદરડા<br>જિ. જુનાગઢ |
| ૯ | આનંદકુમાર પી. ડઢાણિયા | સી.આર.સી. અમરાપુર | તા. માળીયા હાટીના<br>જિ. જુનાગઢ |
| ૧૦ | મધુસુદૂન જે. રાડીયા | સ્પે.એજયુકેટર - શેરડી | તા. માણાવદર<br>જિ. જુનાગઢ |
| ૧૧ | દીનેશભાઈ બી. મકવાણા | સી.આર.સી. નાથળ | તા. ઉના<br>જિ. ગીરસોમનાથ |
| ૧૨ | આશિષભાઇ<br>ડી.રતનધયારા | આ.શિ.ચાંદખતાલ પ્રા. શાળા | તા. વેરાવળ<br>જિ. ગીરસોમનાથ |
| ૧૩ | મુકેશભાઇ બી. ગોંડલિયા | સી.આર.સી. તાલાલા | તા. તાલાલા<br>જિ. ગીરસોમનાથ |
| ૧૪ | મહેશભાઇ પી. ક્વાડ | સી.આર.સી. ધોકડવા કુમાર | તા. ગીરગઢડા<br>જિ. ગીરસોમનાથ |
| ૧૫ | રમેશભાઈ એન. બારડ | સી.આર.સી. કદવાર | તા. સુત્રાપાડા<br>જિ. ગીરસોમનાથ |

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | પ્રસ્તાવના | ૪ |
| ૨ | સંકલ્પના | ૬ |
| ૩ | બાળમેળાના હેતુઓ | ૭ |
| ૪ | ધો. ૧ થી ૫ આનંદદાયી અને પ્રવૃત્તિમય બાળમેળો | ૮ |
| ૫ | બાળમેળા અંતર્ગત સમગ્ર જિલ્લામા થયેલ પ્રવૃત્તિઓ | ૯ |
| ૬ | ઉપસહાર | ૪૬ |
| ૭ | બાળકો, વાલીઓ, એસ.એમ.સી. સભ્યો, આચાર્યશ્રીઓના પ્રતિભાવો | ૪૭ |
| ૮ | મુલ્યાંકન પ્રતિભાવોનું વિશ્લેષણ અને તારણો | ૪૯ |
| ૯ | બાળમેળા અન્વયે ડાયેટે કરેલ અનુકાર્યની નકલો | ૫૬ |
| ૧૦ | બાળમેળા આયોજન માટે કરેલ બેઠકોની મિનીટ્સ | ૬૮ |






# પ્રસ્તાવના

પ્રાચીન સમયથી ચાલી આવતી કેળવણીમાં સમયના વહેણ સાથે વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ થવાથી નવતર પરિવર્તન આવ્યા છે. જેના પરિણામે શિક્ષણ પ્રક્રિયામાં પણ નવતર પ્રયોગો અને પ્રવાહો બદલાયા છે. ત્યારે તેને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓ વિવિધ કક્ષાએ અનુકૂલન સાધતા શીખે. આ ઉપરાંત રસ, રુચિ અને કૌશલ્ય વિકસે તે માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા જી.સી.ઈ.આર.ટી.ના માધ્યમથી બાળમેળાનું આયોજન થાય છે. બાળમેળા અંતર્ગત ધોરણ ૧ થી ૫ માં આનંદદાયી અને પ્રવૃત્તિમય બાળમેળો અને ધોરણ ૬ થી ૮માં જીવન કૌશલ્ય આધારિત બાળમેળો યોજવામાં આવે છે.

બાળકને સતત કંઈ નવું જાણવાની પામવાની ક્ષમતા હોય છે. પતંગિયું જેમ સ્થિર ન રહે તેમ આપણી પાસે શાળામાં આવતું બાળક પણ કંઈક કરવાની મેળવવાની તમન્ના માટે થનગનતું હોય છે. બાળમેળાની વિવિધ પ્રવૃતિથી તેઓની ક્રિયાશીલતામા વધારો નોંધાય છે. બાળમેળો શબ્દ ઇ.સ. 1990 માં આપણને જૂનાગઢની ધરા પરથી મળ્યો. શૂન્યમાંથી સર્જન કે વેસ્ટ માંથી બેસ્ટ કરી શકાય અને તેના દ્વારા બાળકની સુષુપ્ત શક્તિને ઘાટ આપી શકાય તેવા હેતુથી આપણે દર વર્ષે ગુજરાતની તમામ શાળાઓમાં બાળમેળાનું આયોજન કરીએ છીએ. બાળકને આજના સાંપ્રત પરિપ્રેક્ષ્યમાં બાળમેળા થકી વિશેષ નવું અને નક્કર આપી શકાય તેવો આ મોડ્યુલના નિર્માણનો ઉપક્રમ છે.

બાળકો સ્વયં કુદરતનું નવું સર્જન તો છે જ પણ સાથે સાથે તેઓ ભરપૂર સર્જનાત્મકતા અને ઉર્જાથી હર્યું ભર્યું હોય, તે માટે જરૂર છે માત્ર તેમની સર્જનશક્તિને યોગ્ય દિશામાં વાળીને પ્રવાહિત કરવાની તથા તેમની ગ્રંથિ ઊર્જાને મોકળું મેદાન આપવાની. તો આપ સૌનું આ બાળમેળાની દુનિયામાં પ્રવૃત્તિઓની ઝલક નિહાળવા સ્વાગત છે.

**શ્રીમતી કંચનબેન ભૂત**
**પ્રાચાર્ય**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ,જૂનાગઢ**



# સંકલ્પના

કુદરતના જ બીજા સ્વરૂપ બાળકના આનંદ અને વિકાસની વાતોને પ્રગતિના પંથે દોરવાનું આગોતરું પગલું એટલે “**<u>બાળમળો</u>**” બાળમેળો એ ભાગ લેનાર બાળકો માટેની આનંદ યાત્રા છે. તેનો સર્વાંગી વિકાસ માટેનો અવસર છે. તેનાથી બાળકના મનમાં વિકાસ માટેની અલગ અલગ દિશા ખુલે છે. બાળમેળો એ બાળકોને અભિવ્યક્ત થવાનો કાર્યક્રમ છે. બાળકોમાં પડેલી સુષુપ્ત શક્તિઓને જાગૃત કરવાનો કાર્યક્રમ છે.





# બાળમેળાના હેતુઓ

- બાળકોમાં આત્મશ્રધ્ધા અને આત્મવિશ્વાસ પ્રેરવાથી કાર્યશીલતા સંતોષાય છે.
- સામૂહિક ભાવના અને વિચારશક્તિમાં વધારો જોવા મળે છે.
- મૂલ્યોના ઘડતર સાથે આત્મવિશ્વાસ વધે છે.
- બાળકોની સર્જનાત્મક શક્તિનું ખુલ્લું અને મુક્ત પ્રદર્શન જેનો મુખ્ય ઉદ્દેશ્ય સર્જનાત્મક શક્તિનું નિર્માણ કરવાનું છે.
- બાળકોને જાહેરમાં અભિવ્યક્ત થવાની તક પ્રાપ્ત થાય છે.
- બાળકોમાં ક્ષોભ-સંકુચિતતા દૂર થાય.
- નેતૃત્વશક્તિનો વિકાસ થાય છે.
- બાળકોમાં હસ્ત કૌશલ્યનો વિકાસ થાય છે.



# ધોરણ :- ૧ થી ૫

# આનંદદાયી અને પ્રવૃત્તિમય

# બાળમેળો





# બાળમેળા અંતર્ગત સમગ્ર જિલ્લામાં થયેલ પ્રવૃત્તિઓ



- ગીત – સંગીત – અભિનય
- બાળવાર્તા
- બાળ નાટક
- માટીકામ
- છાપકામ
- ચિત્રકામ
- રંગપુરણી
- ગડીકામ
- ચિટકકામ
- જાદુઇનગરી
- વેશભુષા
- હાસ્ય દરબાર
- બાળ રમત
- સર્જનાત્મક પ્રવૃત્તિ
- સમુહ પ્રવૃત્તિ
- પેપર ક્રાફ્ટ
- *FLN* – પ્રારંભિક સાક્ષરતા
- પર્ણ કામ

# પ્રવૃત્તિ – ૧ ગીત સંગીત અને અભિનય

## ❖ હેતુઓ :

- સૂર તાલ અને લય જાણતા ન હોવા છતાં આનંદની અનુભૂતિ કરે.
- તાલબધ્ધ ગાતા શીખે.
- સમૂહગીત ગાવાથી શરમ-સંકોચ દૂર થાય છે.

## ❖ સાધન સામગ્રી :

ઢોલક, ખંજરી, મંજીરા, ઘુઘરા, બાળગીત પોથી, તબલા, ઓડિયો, વિડીયો, સીડી, ડીવીડી.

## ❖ પ્રવૃત્તિ :

- તાલની રમત.
- અભિનય ગીત.
- જોડકણાં.
- બાલ રમત.
- પશુ-પક્ષી ગીત.
- કૂચ ગીત.
- અંતાક્ષરી.
- પ્રાણીગીત.

## ❖ ફલશ્રુતિ :

સૂર, લય, તાલમાં તરબોળ બની આનંદની અનુભૂતિ કરે.





અભિનય ગીત QR કોડ

# પ્રવૃત્તિ – ૨ બાળવાર્તા

## ❖ હેતુઓ :

- કલ્પનાશક્તિનો વિકાસ થાય.
- શબ્દભંડોળનો વધારો થાય છે.
- સ્પષ્ટ ઉચ્ચારણ કરી શકે છે.
- કહેવત અને રૂઢિપ્રયોગ શીખે છે.
- યાદશક્તિ વિકસે છે.

## ❖ સાધન સામગ્રી :

વર્તમાનપત્રોની પૂર્તિઓ, બાળવાર્તા તથા ચિત્રવાર્તાના પુસ્તકો, હિતોપદેશ અને પંચતંત્રની વાર્તાઓ.

## ❖ પ્રવૃત્તિ :

શાળાનાં શાંત વાતાવરણમાં બધા સાંભળી શકે તેવી જગ્યાએ વાર્તા કહેનાર દ્વારા આરોહ અવરોહયુકત શૈલીમાં વાર્તા કહેવી.

## ❖ ફલશ્રુત્તિ :

- કલ્પનાશક્તિનો વિકાસ થયો.





## પ્રવૃત્તિ – ૩ બાળનાટક

### ❖ હેતુઓ :

- અભિનય શક્તિનો વિકાસ થાય છે.
- અભિવ્યક્ત થવાની તક મળે છે.
- ઉચ્ચારણ શુધ્ધિ થાય છે.
- હાવ-ભાવ અને આરોહ-અવરોહ સાથે બોલી શકે છે.
- સભાક્ષોભ દૂર થાય છે.

### ❖ સાધન સામગ્રી :

પાત્રોને અનુરુપ વેશભૂષા અને મંચ સજાવટની સામગ્રી..

### ❖ કાર્ય પદ્ધતિ :

- વાર્તાના પ્રસંગોને અનુરુપ અભિનયનો અભ્યાસ કરાવવો.
- યોગ્ય રજૂઆત માટે જરુરી મંચસજજાની વ્યવસ્થા કરેલ.

### ❖ ફલશ્રુતિ :

- અભિનય શક્તિનો વિકાસ થયો.
- અભિવ્યક્ત થવાની તક મળી અને ઉચ્ચારણ શુદ્ધિ થઇ.


Life Skill

# પ્રવૃત્તિ – ૪ માટીકામ

## ❖ હેતુઓ :

- સ્પર્શ દ્વારા આનંદની અનુભૂતિ થાય.
- હસ્ત કૌશલ્યનો વિકાસ થાય.
- સર્જન નો આનંદ.
- ટેરવા કેળવાય.

## ❖ સાધન સામગ્રી :

પલાળેલી માટી-ગળી અને ગેરૂ-રંગીન માટી.

## ❖ કાર્ય પદ્ધતિ :

- તળાવની ચીકણી માટીમાં રાખ અને લય ભેળવીને પલાળવી.
- આ માટી માંથી નમુના બનાવવા.

## ❖ ફલશ્રૃત્તિ :

- માટીના વિવિધ આકરો બનાવવાનો આનંદ મેળવી શક્યા.
- સર્જન કરવાની લાગણી અનુભવી શક્યા.


SPEED



# પ્રવૃત્તિ – ૫ છાપકામ

## ❖ હેતુઓ :

- સૌંદર્યતા તરફ દ્રષ્ટિ કેળવાય છે.
- રંગ મિશ્રણનું કૌશલ્ય ખીલે છે.
- છાપકામની પદ્ધતિથી વાકેફ થાય.
- સર્જનશીલતા વિકસે છે.

## ❖ સાધન સામગ્રી :

વિવિધ રંગો ભરેલા વાટકા, કટીંગ કરેલા શાકભાજી, દોરી, રૂ, પક્ષીના પીંછા અને સિકકા.

## ❖ કાર્ય પદ્ધતિ :

- વિવિધ વસ્તુઓને અલગ - અલગ રંગોમાં બોળી છાપકામ કરવું.

## ❖ ફલશ્રૃત્તિ :

- વિવિધ શાકભાજી, ફળો અને પાંદડાની અંગૂઠાની છાપ પાડી ચિત્રો બનાવ્યા.




Snobple
Snobple

# પ્રવૃત્તિ – ૬ ચિત્રકામ

## ❖ હેતુઓ :

- કલ્પનાશક્તિનો વિકાસ થાય.
- હાથના આંગળાનો કસબ જોવા મળે.
- મુક્ત રીતે અભિવ્યકત થવાનો મોકો મળે.
- નવસર્જન કર્યાનો સંતોષ થાય.
- એકાગ્રતાનો ગુણ કેળવાય.

## ❖ સાધન સામગ્રી :

કાગળ, કલર, પીંછી, પેન્સિલ વગેરે.

## ❖ કાર્ય પદ્ધતિ :

ઉપર જણાવેલ સામગ્રીની મદદથી મનપસંદ ચિત્રો બનાવવા.

## ❖ ફલશ્રુત્તિ :

- વિવિધ રંગોનો પરીચય કરી શક્યા .
- મિશ્ર રંગો બનાવતા શીખ્યા.
- સ્વચ્છતા, ચોકસાઈ જેવા ગુણોનો વિકાસ થયો.
- સર્જનનો આનંદ માણ્યો.


કોઠારિયા પ્રા.શાળા
લાઈફ સ્કીલ બાળમેળો
2022
ચિત્રકામ


શ્રીનવાગામ પ્રાથમિક શાળા
શિક્ષક સ્ટાફ

# પ્રવૃત્તિ – ૭ રંગપૂરણી

## ❖ હેતુઓ :

- રંગોને ઓળખાતા થાય.
- રંગોની મેળવણી કરતા શીખે.
- સ્વચ્છતાનો ગુણ કેળવાય.
- ચોક્કસાઈનો ગુણ કેળવાય.

## ❖ સાધન સામગ્રી :

કાગળ, કલર, પીંછી, પેન્સિલ વગેરે.

## ❖ કાર્ય પદ્ધતિ :

ઉપર જણાવેલ સામગ્રીની મદદથી મનપસંદ ચિત્રો બનાવવા.

## ❖ ફલશ્રુતિ :

- વિવિધ રંગોનો પરીચય કરી શક્યા .
- મિશ્ર રંગો બનાવતા શીખ્યા.
- સ્વચ્છતા, ચોકસાઈ જેવા ગુણોનો વિકાસ થયો.
- સર્જનનો આનંદ માણ્યો.





# પ્રવૃત્તિ – ૮ ગડીકામ

## ❖ હેતુઓ :

- સર્જનાત્મકતાનો આનંદ મેળવે
- રચનાત્મકતાનો  વિકાસ થાય.
- હસ્ત કૌશલ્ય ખીલે.
- કલ્પના શક્તિનો વિકાસ થાય.

## ❖ સાધન સામગ્રી :

જૂના અખબારો, સાદા કાગળો અથવા ઘુંટીપેપર.

## ❖ કાર્ય પદ્ધતિ :

કાગળમાંથી વિવિધ પ્રકારે ગડી પાડી અલગ અલગ નમુના બનાવવા.

## ❖ ફલશ્રૃત્તિ :

- બાળકોમાં નિદર્શન શક્તિ, સર્જનાત્મક શક્તિનો સુપેરે વિકાસ થયો.
- હસ્તકૌશલ્ય કેળવી પ્રાણીઓના આકારો બનાવતા શીખ્યા.
- વિવિધ વસ્તુઓને ઓળખતા થયા.


Speech is Silver Bu



# પ્રવૃત્તિ – ૯ ચીટક કામ

## ❖ હેતુઓ :

- સૌંદર્યતા તરફ દ્રષ્ટિ કેળવાય છે.
- પોતાના વિચારો દ્વારા નવી ડીઝાઇન બનાવવાનો આનંદ મેળવે.
- શાળા સુશોભન માટે નવી વસ્તુઓ બનાવતા શીખે.
- સુશોભનાત્મક દ્રષ્ટિકોણ કેળવાય.

## ❖ સાધન સામગ્રી :

કાર્ડ પેપર, ચણોઠી, લહી, આભલા, ચાંદલા, દીવાસળી, ટીકી, સતારા, ગુંદર.

## ❖ કાર્ય પધ્ધતિ :

કાર્ડ પેપર પર ચિત્રો દોરી તેના પર આમાની કોઇપણ વસ્તુઓ ગુંદર વડે ચોંટાડી વિવિધ પ્રકારની ડિઝાઇન બનાવવી.

## ❖ ફલશ્રુતિ :

- બાળકોમાં સંગ્રહ શક્તિનો વિકાસ થયો.
- વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુ બનાવવાની કળાનો વિકાસ થયો.
- કોઈપણ વસ્તુનો જીવનમાં કરકસરપૂર્વક ઉપયોગ કરતા શીખ્યા.





# પ્રવૃત્તિ – ૧૦ જાદુઈનગરી

## ❖ હેતુઓ :

- મનોરંજન મળે.
- જિજ્ઞાસા સંતોષાય.
- જાદુ પાછળના વૈજ્ઞાનિક કારણો જાણે.
- તર્ક અને કલ્પનાનો વિકાસ થાય.

## ❖ સાધન સામગ્રી :

જાદુ કરવા માટે પ્રાથમિક કીટ.

## ❖ કાર્ય પદ્ધતિ :

- જાદુના વિવિધ પ્રયોગનું નિદર્શન કરવું.
- કોરા કાગળમાં મીણબત્તીથી 'જાદુ' અક્ષર લખી નાખવો. તેના પર કંકુનો છંટકાવ કરવાથી 'જાદુ' શબ્દ ઉપસી આવે છે.

## ❖ ફલશ્રુતિ :

- ❖ રંગોની મિલાવટથી જિજ્ઞાસા જાગૃત થઈ.
- ❖ જાદુઈ ઘટના પાછળનું વિજ્ઞાન સમજી શક્યા.
- ❖ જાદુ પાછળનો વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ સમજ્યા.



# પ્રવૃત્તિ – ૧૧ વેશભૂષા

## ❖ હેતુઓ :

- અલગ અલગ પાત્રથી પરિચય મેળવે.
- ઐતિહાસિક પાત્રોની ઓળખ થાય.
- અવલોકન શકિત વિકસે.
- ગમ્મત સાથે જ્ઞાન મળે.
- સાંસ્કૃતિક વારસાથી માહિતગાર થાય.

## ❖ સાધન સામગ્રી :

વિવિધ પાત્રોના પહેરવેશ.

## ❖ કાર્ય પદ્ધતિ :

બાળકો જે વ્યક્તિની વેશભૂષા ભજવવાની હોય તે વ્યક્તિનો પહેરવેશ પહેરીને બે-પાંચ વાક્યો તેના વિશે બોલ્યા હતા.

## ❖ ફલશ્રૃતિ :

- બાળકો વિવિધ પાત્રો સાથે એકાત્મભાવ અનુભવી શક્યા હતા.


Plot primary school mendarda lifeskill activities 2022-23


બાળમેળો
તારીખ:-18/07/2022

# પ્રવૃત્તિ – ૧૨ હાસ્ય દરબાર

## ❖ હેતુઓ :

- સભાક્ષોભ દૂર થાય.
- જીવનનો આનંદ માણે છે.
- મનોરંજન થાય છે.
- વ્યંગ સમજવાની વૃત્તિ કેળવાય છે.

## ❖ સાધન સામગ્રી :

સંદેશ કિડ્ઝ, ઝગમગ, ટીવી, કમ્પ્યુટર વગેરે.

## ❖ કાર્ય પદ્ધતિ :

વિવિધ ટૂચકા કહ્યા અને કાર્ટૂન ફિલ્મ જોઇ.

## ❖ ફલશ્રૃતિ :

- બાળકોનું શ્રવણ અને કથન કૌશલ્ય વિકસ્યું .


narzo
Shot on realme



# પ્રવૃત્તિ – ૧૩ બાળ રમત

## ❖ હેતુઓ :

- બાળકોનો શારીરિક વિકાસ થાય.
- નેતૃત્વ તેમજ જવાબદાર અનુયાયી બનવાની તાલીમ મળે.
- ધીરજ, એકાગ્રતા, નિયમપાલન, સહકાર, ખેલદિલી, શિસ્ત, વ્યવસ્થા, ચપળતા વગેરે જેવા ગુણો વિકસે.
- સુષુપ્ત શક્તિની ખીલવણી થાય.

## ❖ સાધન સામગ્રી :

દોરી, દડો, ખુરશી, ટેબલ, ખંજરી, ચોકસ્ટીક, લીંબુ, ચમચી, નાનું ડબલું વગેરે જેવી વિવિધ વસ્તુઓ.

## ❖ કાર્ય પદ્ધતિ :

પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૫ માં રમતના મેદાનમાં તેમજ વર્ગખંડમાં બાળકોને લઈ જઈ વિવિધ બાળરમતો રમાડવામાં આવી હતી, જેમ કે પાસીંગ ધ બોલ, પંખી ઉડે ફરરર....., કેટલા રે કેટલા ?, નદી કે પર્વત ?, ગાળિયા પસાર, દોરડાં ખેંચ, ઇંડા ચોર, સંગીત ખુરશી, સોય દોરો.

## ❖ ફલશ્રુતિ :

- બાળકોમાં ખેલદિલી, કલ્પનાશક્તિ, વિચારશક્તિ, ધીરજ, એકાગ્રતા, ચપળતા, ઝડપી ગણતરી, અનુકૂલન શક્તિનો વિકાસ થયો.
- બાળકોમાં નેતૃત્વ લેવાની ભાવનાનો વિકાસ થયો.





દિવ્યાંગ બાળકો દ્વારા રમત QR કોડ

## પ્રવૃત્તિ – ૧૪ સર્જનાત્મક પ્રવૃત્તિ

### ❖ હેતુઓ :

- બાળકોની ક્રિયાશીલતા અને સર્જનાત્મકતા વ્યક્ત થાય છે.
- બાળકોની કલ્પનાઓમાં વિકાસાત્મક આવર્તન જોવા મળે છે.

### ❖ સાધન સામગ્રી :

બિન વપરાશ વસ્તુઓ, દોરી, પીંછી, કલર ,પક્ષીના પીંછા, જુના અખબારો, સાદા કાગળ, ચાંદલાં, આભલાં, કાર્ડ પેપર, ચણોઠી વગેરે.

### ❖ કાર્ય પદ્ધતિ :

- ઉપરોક્ત વસ્તુઓને આધારે અવનવી વસ્તુઓનું નિર્માણ કરે છે.
- ગમ્મત સાથે જ્ઞાન મેળવી શકે છે.
- શારીરિક, માનસિક, કલ્પના શક્તિ અને વિચાર શક્તિનો વિકાસ થાય છે.

### ❖ ફલશ્રુતિ :

- બાળકોમાં ચપળતા, કલ્પના શક્તિ અને વિચાર શક્તિ વિકસે છે.
- બાળકો સર્જકતાનો આનંદ મેળવે છે.





# પ્રવૃત્તિ – ૧૫ સમૂહ પ્રવૃત્તિ

## ❖ હેતુઓ :

- બાળકોમાં સહકારની ભાવના ઉત્પન્ન થાય છે.
- બાળકો સહકાર, નેતૃત્વ અને લોકશાહીની ઢબો વિશે જાણે છે.
- બાળક અન્યને મદદરૂપ થતા શીખે છે.

## ❖ સાધન સામગ્રી :

કાગળ, કાપડ, ચોક, ડસ્ટર, રંગો.

## ❖ કાર્ય પદ્ધતિ :

બાળકો સમૂહમાં એકબીજાની મદદ લઈ સહકારની ભાવના સાથે કંઈક નવું અથવા તો કોઈ સમસ્યાનો ઉકેલ શોધવાની પ્રક્રિયા હાથ ધરે છે.

## ❖ ફલશ્રૃતિ :

- બાળકોમાં સહકાર ભાવનાનો વિકાસ થાય છે.
- રાષ્ટ્રીય એકતા વિશે સભાન બને છે.





# પ્રવૃત્તિ – ૧૬ પેપર ક્રાફ્ટ

## ❖ હેતુઓ :

- બાળકોની ક્રિયાશીલતાને પોષણ મળે.
- બાળકોની કલ્પનાઓ સિદ્ધ થાય.
- બાળકોમાં કંઈક વિશિષ્ટ કરવાની, કંઈક નવું કરવાની જિજ્ઞાસા સંતોષાય.

## ❖ સાધન સામગ્રી :

પેપર, પૂંઠા, સેલોટેપ, કાતર, રંગીન કાગળ, સાદો કાગળ.

## ❖ કાર્ય પદ્ધતિ :

કાગળ, પૂંઠા વગેરે માંથી અલગ અલગ નમૂના બનાવવા.

## ❖ ફલશ્રૃતિ :

- બાળક સર્જકતાનો આનંદ મેળવે છે.
- બાળકની ચોક્કસાઈનો ગુણ કેળવાય છે.





પેપર ક્રાફ્ટ QR કોડ

# પ્રવૃત્તિ – ૧૭ FLN – પ્રારંભિક સાક્ષરતા

## ❖ હેતુઓ :

- બાળકો પાયાનું શિક્ષણ મેળવે.
- બાળકોમાં ભાષા અને ગણિત પ્રત્યેનો ડર દૂર થાય.
- બાળકો શિક્ષણ પ્રત્યે સાહજિક થઇ શિક્ષણાભિમુખ બને.

## ❖ સાધન સામગ્રી :

બ્લેકબોર્ડ, ચાર્ટ, ચોક, ડસ્ટર, ફ્લેશ કાર્ડ.

## ❖ કાર્ય પદ્ધતિ :

વયકક્ષા અનુસાર પાયાની સાક્ષરતા અંગે ખ્યાલ મેળવવો.

## ❖ ફલશ્રૃત્તિ :

- ગણિત અને ભાષાનાં પાયાના એકમોની માહિતી મેળવે.
- લર્નિંગ લોસ દૂર થાય.





# પ્રવૃત્તિ – ૧૮ પર્ણકામ

## ❖ હેતુઓ :

- બાળકોની ક્રિયાશીલતાને પોષણ મળે છે.
- સર્જનવૃત્તિ સંતોષાય છે.
- પર્યાવરણ સાથે આત્મિયતા કેળવાય છે.

## ❖ સાધન સામગ્રી :

વિવિધ વનસ્પતિનાં પર્ણો, દોરી, કાતર, કલર.

## ❖ કાર્ય પદ્ધતિ :

બાળકો વિવિધ વનસ્પતિઓનાં પર્ણોની મદદથી વનસ્પતિના વિવિધ ભાગોનો ઉપયોગ કરીને નવીન કૃતિ બનાવતા થયા.

## ❖ ફલશ્રુતિ :

- બાળકોને પર્યાવરણલક્ષી જ્ઞાન મળે છે અને તેની જાળવણી કરતા શીખે છે.
- બાળકો પર્યાવરણ પ્રત્યે સાહજિક બની પર્યાવરણ બચાવવાની જવાબદારી ઉપાડતા થાય છે.







# ઉપસંહાર

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૨૨ દરમ્યાન રાજય કક્ષાએથી મળેલ સુચના અનુસાર બાળકોને મુકત આનંદ મળી શકે તે હેતુથી ગુજરાત રાજયની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળમેળાનું આયોજન કરવામાં આવેલ. જેમાં બંન્ને જિલ્લાની તમામ શાળાનાં ધોરણ ૨ થી ૫ નાં તમામ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ. જેમાં ઉપરોકત તમામ પ્રવૃત્તિઓનું સરસ રીતે આયોજન કરવામાં આવેલ. જેના દ્વારા બાળકોમાં રહેલ સુષુપ્ત શકિતના દર્શન થયેલ.

આમ, ખરેખર એનસીએફ-૨૦૦૫ની ભલામણો પ્રમાણે બાળક એ જ્ઞાનનું સર્જક છે, ઉપભોકતા નહી, એ યુકિત બાળમેળાથી સાર્થક થાય છે. બાળમેળાની પ્રવૃતિથી બાળકોના જીવનમાં આગળ વધવા માટે સફળ, સુખમય, શાંતિમય, અને સ્વરછ જીવન ઘડતર માટે સતત વિકાસશીલ રહેવા માટે ખૂબ જ જરૂરી છે.



વિચાર કરીએ..........વિકાસ કરીએ.......

કૌશલ્ય ઓળખીએ......બાળકને કંચન બનાવીએ.........

# બાળકોનાં, વાલીઓનાં, એસએમસી સભ્યોનાં, આચાર્યશ્રીનાં પ્રતિભાવો



શ્રી ખેરા પે સેન્ટર શાળા
તાલુકો : માળીયા હાટીના
તારીખ : ૧૩/૦૭/૨૦૨૨

— : પ્રતિભાવ : —

આજ રોજ તા. ૧૩/૦૭/૨૦૨૨ [illegible] 'બાળમેળો' [illegible] 'લાઈફ સ્કીલ મેળો' નું આયોજન [illegible]

[illegible]

[illegible]
આચાર્ય
ખેરા પે સે. શાળા
તા. માળીયા હાટીના

---

અહેવાલ લેખન
★ બાળમેળો ★

૧૩-૦૭-૨૦૨૨
બુધવાર

આજ રોજ શ્રી રાજપરા પ્રાથમિક શાળા ખાતે બાળમેળાનું આયોજન કરવામાં આવ્યું. આચાર્યશ્રી અને શિક્ષકશ્રીઓ દ્વારા જુદી-જુદી ટુકડીઓ પાડી દરેક ટુકડીને કામ સોંપાયું. માટીકામ, કાતરકામ, રંગપૂરણી, ચીટકકામ, ઘડીકામ, બાળગીત-વાર્તા વગેરે જેવી જુદી-જુદી પ્રવૃત્તિઓમાં બાળકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. નકામી વસ્તુઓમાંથી બાળકોએ તોરણ, ઝુમ્મર, ટોપલીઓ, વગેરે બનાવ્યું. આ ઉપરાંત ફ્રેન્ડશીપ (?), પૂંઠાનું ઘર, ફ્લાવર્સ (?), ચૂંદડીકામ કરીને [illegible] જુદી-જુદી આકૃતિઓ બનાવી. નાના બાળકો દ્વારા રંગપૂરણી પણ સુંદર રીતે કરવામાં આવી. અમુક બાળકો એ શિક્ષકોના માર્ગદર્શન દ્વારા જુદા-જુદા [illegible] ચીટકકામ કર્યું. આ તમામ પ્રવૃત્તિઓના ફોટા [illegible] માં લેવામાં આવ્યા. [illegible] પૂરાં પડ્યા.

[illegible]
આચાર્ય
સ્કૂલ મેનેજમેન્ટ કમીટી
રાજપરા પ્રા. શાળા

---

કંકિરીયાળી પ્રા. શાળા
તા. વિસાવદર જી. જુનાગઢ
તા- ૧૨/૦૭/૨૦૨૨

બાળમેળો પ્રતિભાવ

'બાળમેળો' એ શબ્દ આજે ગુજરાતની ગલીએ ગલીએ આવેલી પ્રાથમિક શાળાના બાળકો માટે ખૂબ આનંદદાયી અને પ્રવૃત્તિમય શિક્ષણનો પર્યાય બની ગયો છે.

બાળકમાં રહેલી શક્તિઓને પારખવાનું અને તેના દ્વારા જીવનમાં ઉત્તમ વિકાસ માટે પૂરતી તક પૂરી પાડવાનું ઉત્તમ સ્થાન એટલે જીવન કૌશલ્ય આધારિત 'બાળમેળો'.

જીવન કૌશલ્ય એટલે એવા કૌશલ્યો કે બાળકમાં રહેલી શક્તિઓ આપણને કે જે બાળકને રોજિંદા જીવનમાં પડકારો હકારાત્મકતાથી ઝીલવા અને દૈનિક જીવન જરૂરિયાતોને કુશળતાપૂર્વક પૂર્ણ કરવા માટે સક્ષમ બનાવે છે.

બાળકોએ વિવિધ સ્ટોલમાં આનંદદાયી પ્રવૃત્તિ કરી મનોરંજન સાથે જ્ઞાન મેળવ્યું. બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વ્યક્ત થયેલ. બાળકોની સર્જનાત્મકતા અને મૌલિકતા જોઈ ખૂબ જ આનંદ થયો. બાળકોમાં શિસ્ત, સમયપાલન, સ્વચ્છતા જેવા ગુણો વિકસે એ માટેનું ઉત્તમ માધ્યમ બાળમેળામાં જોવા મળેલ. એસ.એમ.સી.ના સર્વે સભ્યોનો ખૂબ સહકાર મળેલ.

[illegible]
આચાર્ય,
[illegible] પ્રા. શાળા

---

પે.સે. પીપળી
તા. કેશોદ
તારીખ-૧૨-૦૭-૨૨

બાળમેળો-૨૦૨૨

વિદ્યાર્થી પ્રતિભાવ

હું બાલિયા આરઝુ ધો.૬ માં અભ્યાસ કરું છું.

મને બાળમેળામાં ખૂબ આનંદ આવ્યો, અને ઘણું શીખવા પણ મળ્યું.

આરઝુ બાલિયા

# મૂલ્યાંકન પ્રતિભાવોનું વિશ્લેષણ અને તારણો

### સારણી૧.૧
### ધોરણ ૧ થી ૫ બાળમેળાની અભિપ્રાયોનું પૃથક્કરણ

| ક્રમ | વિધાન | હા | ના |
|---|---|---|---|
| ૧ | બાળમેળાના આયોજન માટે મળેલ સમયમર્યાદા યોગ્ય છે. | ૬૬ | - |
| ૨ | શાળાના આચાર્ય દ્વારા બાળમેળાના આયોજન પૂર્વે સ્ટાફ મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે. | ૬૬ | - |
| ૩ | બાળમેળામાં દરેક શિક્ષકને એક સરખો કાર્યભાર મળેલ છે. | ૬૬ | - |
| ૪ | બાળમેળાનીપ્રવૃત્તિઓ સંદર્ભે આવશ્યક સાધનસામગ્રી શાળા દ્વારા પૂરી પાડવામાં આવેલ છે. | ૬૬ | - |
| ૫ | બી.આર.સી., સી.આર સી., નિરીક્ષકો અને ડાયટ લેકચરર્સ દ્વારા બાળમેળા બાબતે સંપૂર્ણ માર્ગદર્શન મળેલ છે. | ૬૬ | - |
| ૬ | બાળમેળામાં દરેક ખંડમાં બાળકપ્રવૃત્તિ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. | ૬૫ | ૧ |
| ૭ | બાળમેળામાં કરવામાં આવતીપ્રવૃત્તિઓ માટે પૂરતો સમય મળી રહે છે. | ૬૬ | - |
| ૮ | બાળમેળામાં શિક્ષકોની સક્રિયતા જોવા મળેલ છે. | ૬૬ | - |
| ૯ | બાળમેળા સંદર્ભે સૂચવવામાં આવતી દરેકપ્રવૃત્તિઓ યોગ્ય છે. | ૬૬ | - |
| ૧૦ | બાળમેળા દ્વારા બાળકો સ્વયં સ્ફુરણાથી કાર્ય કરવા પ્રેરાય છે. | ૬૬ | - |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | બાળમેળાનેપ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં સર્જનાત્મકતા વધુ સારી રીતે ખીલવી શકાય છે,. | ૬૬ | - |
| ૧૨ | બાળમેળાનીપ્રવૃત્તિઓ બાળકોના સર્વાંગી વિકાસ માટે યોગ્ય છે. | ૬૬ | - |
| ૧૩ | બાળમેળો પૂર્ણ થયે બાળકોની વિવિધપ્રવૃત્તિઓ સંદર્ભે અનુંકાર્ય કરવામાં આવેલ છે. | ૬૨ | ૪ |
| ૧૪ | બાળમેળા કાર્યક્રમના દસ્તાવેજીકરણ માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવેલ છે. | ૬૪ | ૨ |
| ૧૫ | બાળમેળા દરમ્યાન એસએમસી સભ્યોનો સહકાર મેળવવામાં આવેલ છે. | ૬૬ | - |
| ૧૬ | બાળમેળા દરમ્યાન બાળકો અને શિક્ષકોમાં ઉત્સાહ જોવા મળેલ છે. | ૬૬ | - |
| ૧૭ | બાળમેળા દરમ્યાન બાળકો - શિક્ષકો- શાળા વચ્ચે પારસ્પરિક સહકાર જોવા મળ્યો. | ૬૬ | - |
| ૧૮ | સમગ્રતયા બાળમેળાનો હેતુ સિધ્ધ થતો જોવા મળ્યો. | ૬૬ | - |

1. બાળમેળાના આયોજન માટે મળેલ સમયમર્યાદા યોગ્ય છે.પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 100 ટકા અને ના શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળાના આયોજન માટે મળેલ સમયમર્યાદા યોગ્ય છે.
2. શાળાના આચાર્ય દ્વારા બાળમેળાના આયોજન પૂર્વે સ્ટાફ મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 100 ટકા અને ના શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે શાળાના આચાર્ય દ્વારા બાળમેળાના આયોજન પૂર્વે સ્ટાફ મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે.
3. બાળમેળામાં દરેક શિક્ષકને એક સરખો કાર્યભાર મળે તેવું આયોજન કરેલ છે.પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 100 ટકા અને ના શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળામાં દરેક શિક્ષકને એક સરખો કાર્યભાર મળે તેવું આયોજન કરેલ છે.
4. બાળમેળાની પ્રવૃત્તિઓ સંદર્ભે આવશ્યક સાધનસામગ્રી શાળા દ્વારા પૂરી પાડવામાં આવેલ છે.પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 100 ટકા અને ના શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળાની પ્રવૃત્તિઓ સંદર્ભે આવશ્યક સાધનસામગ્રી શાળા દ્વારા પૂરી પાડવામાં આવેલ છે.

5. બી.આર.સી./ સી.આર.સી./ નિરીક્ષકો અને ડાયટ લેકચરર્સ દ્વારા બાળમેળો બાબતે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવેલ છે.પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 100 ટકા અને ના શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બી.આર.સી./ સી.આર.સી./ નિરીક્ષકો અને ડાયટ લેકચરર્સ દ્વારા બાળમેળો બાબતે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવેલ છે.
6. બાળમેળામાં દરેક ખંડમાં બાળક પ્રવૃત્તિ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 98.48 ટકા અને ના 1.52 ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળામાં દરેક ખંડમાં બાળક પ્રવૃત્તિ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.
7. બાળમેળામાં કરવામાં આવતી પ્રવૃત્તિઓ માટે પૂરતો સમય મળી રહે છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 100 ટકા અને ના શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળામાં કરવામાં આવતી પ્રવૃત્તિઓ માટે પૂરતો સમય મળી રહે છે.
8. બાળમેળામાં શિક્ષકોની સક્રિયતા જોવા મળેલ છે.પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 100 ટકા અને ના શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળામાં શિક્ષકોની સક્રિયતા જોવા મળેલ છે.
9. બાળમેળો સંદર્ભે શૂચવવામાં આવતી દરેક પ્રવૃત્તિઓ યોગ્ય છે.પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 100 ટકા અને ના શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળો સંદર્ભે સુચવવામાં આવતી દરેક પ્રવૃત્તિઓ યોગ્ય છે.

10. બાળમેળા દ્વારા બાળકો સ્વયંસ્ફુરણાથી કાર્ય કરવા પ્રેરાય છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 100 ટકા અને ના શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળાદ્વારા બાળકો સ્વયં સ્ફુરણાથી કાર્ય કરવા પ્રેરાય છે.
11. બાળમેળાની પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં જીવન કૌશલ્યો સારી રીતે ખીલવી શકાય છે.પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 100 ટકા અને ના શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળાની પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં જીવન કૌશલ્યો સારી રીતે ખીલવી શકાય છે.
12. બાળમેળાની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યોગ્ય છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 100 ટકા અને ના શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળાની પ્રવૃત્તિઓ વિંદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યોગ્ય છે.
13. બાળમેળો પૂર્ણ થયે બાળકોના વિવિધ પ્રવૃત્તિ સંદર્ભે અનુકાર્ય કરવામાં આવેલ છે.પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 93.94 ટકા અને ના 6.06 ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળો પૂર્ણ થયે બાળકોના વિવિધ પ્રવૃત્તિ સંદર્ભે અનુકાર્ય કરવામાં આવેલ છે.
14. બાળમેળા કાર્યક્રમના દસ્તાવેજીકરણ માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવેલ છે.પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 96.97 ટકા અને ના 3.03 ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળો કાર્થક્રમના દસ્તાવેજીકરણ માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

15. બાળમેળા દરમિયાન એસએમસીના સભ્યોનો સહકાર મેળવવામાં આવેલ છે.પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 100 ટકા અને ના 0 ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળો દરમિયાન એસએમસીના સભ્યોનો સહકાર મેળવવામાં આવેલ છે.

16. બાળમેળો દરમિયાન શિક્ષકો તથા વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળેલ છે.પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 100 ટકા અને ના શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળો દરમિયાન શિક્ષકો તથા વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળેલ છે.

17. બાળમેળા દરમિયાન વિદ્યાર્થીઓ-શિક્ષકો-શાળા વચ્ચે પારસ્પરિક સહકાર જોવા મળ્યો. પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 100 ટકા અને ના શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બાળમેળો દરમિયાન વિદ્યાર્થીઓ-શિક્ષકો-શાળા વચ્ચે પારસ્પરિક સહકાર જોવા મળ્યો.

18. સમગ્રતયા બાળમેળોનો હેતુ સિધ્ધ થતો જોવા મળ્યો. પ્રસ્તુત વિધાન સંદર્ભે હા 100 ટકા અને ના શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે સમગ્રતયા બાળમેળો નો હેતુ સિધ્ધ થતો જોવા મળ્યો.

# બાળમેળા અન્વયે ડાયેટે
# કરેલ અનુકાર્યની નકલો

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ

બિલખા રોડ, જૂનાગઢ

**Ph.no: 0265 2622361**

**Email: dietjunagadh@gmail.com**


જાવકનં:જશતભ/WE/બાળમેળા/2022-23/978-1011 તા.04/07/2022

પ્રતિ,

બી.આર.સી.કો.ઓર્ડિનેટરશ્રી તમામ,

જિલ્લો - જૂનાગઢ અને ગીર-સોમનાથ

વિષય:- વર્ષ-2022-23માં બાળમેળા અને લાઇફસ્કીલ મેળાના આયોજન બાબત.

સંદર્ભ :- ક્રમાંક:જીસીઈઆરટી/તાલીમ/2022-23/19695-75,તારીખ:01/07/2022

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે જીસીઇઆરટી,ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓમાં વિવિધ જીવન કૌશલ્યોની ખિલવણી થાય તે માટે દર વર્ષે બાળમેળાની પ્રવૃત્તિ બે વિભાગમાં આયોજિત કરવામાં આવે છે. જે પૈકી ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે બાળમેળાનું આયોજન કરવામાં આવે છે તેમજ ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે જીવન કૌશલ્ય આધારીત બાળમેળાનું આયોજન કરવામાં આવે છે.

આ બાળમેળાની પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ બાળવાર્તા, માટીકામ, રંગપૂરણી, હસ્તકલાની કામગીરી, ચીટકકામ, કાગળકામ, ગડીકામ, બાળવાર્તા આધારિત નાટક જેવી વિવિધ પ્રવૃત્તિઓ અને રમતોના માધ્યમથી વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિઓને ઉજાગર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

GIET, અમદાવાદ અને GCERTના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ગ્રીષ્મોત્સવ દરમિયાન કરવામાં આવેલ પ્રવૃત્તિ અને વિદ્યાપ્રવેશના મોડ્યુલમાં દર્શાવેલ પ્રવૃત્તિનો સમાવેશ કરેલ છે. તેવી રીતે બાળકોને અલગ અલગ બેસાડીને બાળમેળા અને લાઈફસ્કીલ મેળા અન્વયેની પ્રવૃત્તિઓ કરાવવાની રહેશે. ગ્રીષ્મોત્સવ દરમિયાન કરવામાં આવેલ પ્રવૃત્તિઓ જોવા માટે અહીં ક્યુ.આર.કોડ આપવામાં આવેલ છે. જેને સ્કેન કરવાથી ગ્રીષ્મોત્સવ દરમિયાન કરવામાં આવેલ પ્રવૃત્તિઓ જોઈ શકાશે.

- **બાળમેળાના મુખ્ય હેતુઓ-**
    - વિદ્યાર્થીઓ વિવિધ આનંદદાયી પ્રવૃત્તિઓ કરી મનોરંજન સાથે જ્ઞાન મેળવે.
    - વિદ્યાર્થીઓમાં સહકાર,નેતૃત્વ,લોકશાહીની ભાવના,સાહસિકતા વગેરની ખિલવણી થાય.
    - વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને મૌલિકતા વિકસે.
    - વિદ્યાર્થીઓમાં જીવન વ્યવહારમાં ઉપયોગી વિવિધ કૌશલ્યો કેળવાય.
    - વિદ્યાર્થીઓમાં રહેલ સુષુપ્ત શક્તિઓ બહાર આવે.
    - વિદ્યાર્થીઓની મનોસામાજીક માવજત થાય.
- **લાઇફ સ્કીલમેળાના મુખ્ય હેતુઓ-**
    - વિદ્યાર્થીઓ રોજિંદા જીવનના પડકારોને હકારાત્મકથી ઝીલવા અને દૈનિક જીવનની જરૂરિયાતને કુશળતાપૂર્વક પૂર્ણ કરવા વિવિધ કૌશલ્ય કે આવડત પ્રાપ્ત કરી શકે.
    - જીવનકૌશલ્યો થકી વિદ્યાર્થીઓની શારીરિક અને માનસિક ક્ષમતાઓને ખીલવી તેમના વ્યક્તિત્વની સર્વાંગી વિકાસ સાધી સ્વસ્થ, સફળ, સુખમય અને શાંતિમય જીવન જીવતાં શીખે.
    - વિવિધ પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓનું વાસ્તવિક જીવન સાથે અનુબંધ જોડાશે તેમજ વધુ ઉન્નત અને બહેતર જીવન જીવવા તૈયાર થાય.
    - પોતાના રોજિંદા જીવનમાં નાના - મોટા પ્રશ્નો જાતે હલ કરવાથી સ્વાવલંબી બને.
    - શાળા અને સમાજ વચ્ચેનો નાતો વધુ વિકસે.

<u>નીચે મુજબની સુચનાઓ ધ્યાને લઇ બાળમેળા અને લાઇફ સ્કીલ મેળાનું આયોજન કરવાનું રહેશે.</u>

1. વર્ષ-2022-23માં જૂનાગઢ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓ, શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓ, આશ્રમશાળા, કે.જી.બી.વી., મોડેલ <u>સ્કુલમાં પ્રથમ દિવસે ધો. 1 થી 5 ના બાળકો</u> માટે બાળમેળો <u>તથા બીજા દિવસે ધો. 6 થી 8ના બાળકો માટે લાઇફસ્કીલ મેળાનું આયોજન તા.15-07-2022 સુધીમાં કરવાનું રહેશે.</u>
2. આ વર્ષે બાળમેળા અને લાઇફસ્કીલ મેળા બંનેમાં "ટોક શો"ના નામથી પ્રવૃત્તિમા નીચે આપેલ નમૂનાના વિષયો રાખી શકાશે. (આ વિષયો માત્ર ઉદાહરણ સ્વરૂપે આપેલ છે. તેમાં આપના અનુભવ દ્વારા બાળમેળા અને લાઇફસ્કીલ મેળા આધારિત વિષયો ઉમેરી શકાશે.)
    - <u>"ટોક શો"ના વિષયો:</u>
        i. મારા સપનાનું ભારત
        ii. મારી શાળા મારા વિચારો
        iii. પર્યાવરણ બચાવો દેશ બચાવો
        iv. મારી સામાજિક ફરજ

- બાળમેળા અન્વયે યોજી શકાય તેવી કેટલીક પ્રવૃત્તિઓ -

| કક્ષા | ધોરણ | બાળમેળા અન્વયે યોજી શકાય તેવી કેટલીક પ્રવૃત્તિઓ |
|---|---|---|
| પ્રાથમિક કક્ષા | 1 થી 5 | બાળવાર્તા , બાળવાર્તા આધારિત નાટક , માટીકામ, છાપકામ, કાતરકામ, ચીટકકામ, ચિત્રકામ, ગડીકામ, રંગપૂરણી, કાગળકામ, , બાળ રમતો, એકમિનિટ, પઝલ્સ, હાસ્ય દરબાર, ગીત-સંગીત-અભિનય,પપેટ શો, ગણિત ગમ્મત, વેસ્ટમાંથી બેસ્ટ, વિજ્ઞાનના સાદા પ્રયોગો, વેશભૂષા વગેરે |

લાઇફ સ્કીલ (જીવનકૌશલ્ય) બાળમેળા અન્વયે યોજી શકાય તેવી કેટલીક પ્રવૃત્તિઓ -

| કક્ષા | ધોરણ | લાઇફ સ્કીલમેળા યોજી શકાય તેવી કેટલીક પ્રવૃત્તિઓ |
|---|---|---|
| ઉચ્ચ પ્રાથમિક કક્ષા | 6 થી 8 | ફ્યુઝ બાંધવો, સ્ક્રૂ લગાવવો, કુકર બંધ કરવું, ખિલ્લી લગાવવી, ટાયરનું પંચર કરવું, શરીરની સ્વચ્છતા, વ્યસનથી થતું નુકસાન વગેરે જીવન વ્યવહારમાં ઉપયોગી વિવિધ કૌશલ્યોનો સમાવેશ કરી શકાય.<br><br>શાળા અને સમાજનું જોડાણ વધે તે હેતુસર મેટ્રિકમેળા અન્તર્ગત આવતી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે આનંદમેળા, વસ્તુસામગ્રી વેચાણ સ્ટોલ, બાળકોના વજન/ઉંચાઇ માપવી, વ્યવહારમાં ગણિતનો ઉપયોગ વગેરે |

-આ સાથે ધોરણ- 6 થી 8માં વિભાગવાર પણ પ્રવૃત્તિઓનું આયોજન કરવાનું રહેશે. વિભાગો નીચે પ્રમાણે દર્શાવ્યા છે.

| કક્ષા | ધોરણ | લાઇફસ્કીલ મેળા યોજી શકાય તે વિભાગો |
|---|---|---|
| ઉચ્ચ પ્રાથમિક કક્ષા | 6 થી 8 | <u>વિભાગ-1</u> સર્જનાત્મકતાની પ્રવૃત્તિઓ<br><u>વિભાગ-2</u> ચાલો શીખીએની પ્રવૃત્તિઓ<br><u>વિભાગ-3</u> સ્વજાગૃતિ ,સ્વચ્છતા,સુશોભનની પ્રવૃત્તિઓ<br><u>વિભાગ-4</u> હળવાશની પળોમાંની પ્રવૃત્તિ<br><u>વિભાગ-5</u> પર્યાવરણને જાણો,માણો અને જાળવોની પ્રવૃત્તિ<br><u>વિભાગ-6</u> વાચન,લેખન,અવલોકનની પ્રવૃત્તિ<br><u>વિભાગ-7</u> સામાન્ય જ્ઞાન અને સમસ્યા ઉકેલની પ્રવૃત્તિ<br><u>વિભાગ-8</u> સમૂહ જીવન અને બાલપ્રદર્શનની પ્રવૃત્તિ |

3. આ સાથે મોનીટરીંગ/મૂલ્યાંકન/લાયઝનીંગ કરનાર માટેનું સૂચિત મૂલ્યાંકન-મોનીટરીંગ ફોર્મ સામેલ છે. જે બાળમેળા મોનીટરીંગ દરમિયાન તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તાલુકા લાયઝનશ્રી, બી.આર.સી.કો.શ્રી, સી.આર.સીકોશ્રીએ અવશ્ય ભરવું તથા તેનું વિશ્લેષણ કરી તારણો તારવવા.

4. તાલુકાની શાળાઓમાં <u>બાળમેળા અને લાઇફસ્કીલ (જીવનકૌશલ્ય) મેળા યોજાઇ ગયા બાદ તેનું ડોક્યુમેન્ટેશન અને ડોક્યુમેન્ટ્રી કરવાની રહેશે. જે અંગેની જાણ શાળાઓને કરશો.</u> જેના આધારે જિલ્લાનું ડોક્યુમેન્ટ નિર્માણ થશે. જેમાં નીચે જણાવેલ મુદ્દાઓ સમાવિષ્ટ કરવાના રહેશે. (ગુજરાતી શ્રુતિ ફોન્ટમાં જ)
    - પ્રસ્તાવના
    - મુખ્ય હેતુઓ
    - કાર્યક્રમ દરમ્યાન કરેલ વિવિધ પ્રવૃત્તિઓ
    - બાળકો પ્રવૃત્તિઓ કરતા હોય તેવા ફોટોગ્રાફ્સ (વિડીયો ક્લીપ્સ સોફ્ટ કોપીમાં રાખવી.)
    - બાળકોના પ્રતિભાવ અને વાલીઓના પ્રતિભાવ
    - SMC ના સભ્યોના પ્રતિભાવ તથા મોનીટરીંગ ટીમના પ્રતિભાવ
    - મૂલ્યાંકન - પ્રતિભાવોનું વિશ્લેષણ અને તારણો
    - બાળમેળા અને લાઇફ સ્કીલમેળા અન્વયે ડાયેટે કરેલ અનુકાર્યની નકલો.
    - (બાળમેળા અને લાઇફસ્કીલમેળાનું આયોજન, પત્રો, બેઠકોની મિનિટ્સ, મોનીટરીંગનું આયોજન વગેરે )

5. શાળામાં પ્રવેશ મેળવનાર બાળકો વિવિધ પ્રવૃત્તિઓથી અવગત થાય તથા આનંદદાયી અને પ્રવૃત્તિલક્ષી શિક્ષણ મેળવે તે હેતુસર શાળામાં બાળમેળો અને અને લાઇફસ્કીલમેળા યોજાય તેવું આયોજન કરવું.

6. બાળમેળા તથા લાઇફસ્કીલ મેળા માટે ડાયેટ, ભરૂચને જીસીઈઆરટી, ગાંધીનગર દ્વારા ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે.

7. બાળમેળા અને લાઇફ સ્કીલ (જીવનકૌશલ્ય) મેળા માટે આપના દ્વારા વિદ્યાર્થીની સંખ્યા આધારિત મોકલવામાં આવેલ શાળાની સંખ્યા મુજબ તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓ, નગર પ્રા.શિ.સ. સંચાલિત પ્રા.શાળા, કે.જી.બી.વી., આશ્રમશાળા, મોડેલ <u>સ્કુલ (ધોરણ-1 થી 8) પ્રત્યેક શાળાને નીચે મુજબ વિદ્યાર્થીની સંખ્યા આધારિત ગ્રાન્ટની ફાળવણી શાળા કક્ષાએ ડાયેટ જૂનાગઢ દ્વારા શાળાના એસએમસી એજ્યુકેશન એકાઉન્ટમાં RTGS થી તા.૦૮/૦૭/૨૦૨૨ સુધીમાં જમા કરવામાં આવશે.</u>

| ક્રમ | વિદ્યાર્થીની સંખ્યા | શાળા દીઠ રકમ |
|---|---|---|
| 1 | 1 થી 100 | રૂ. 800 |
| 2 | 101 થી 200 | રૂ. 1000 |
| 3 | 201 થી 400 | રૂ. 1200 |
| 4 | 401 થી 600 | રૂ. 1400 |
| 5 | 601 થી 800 | રૂ. 1600 |
| 6 | 801 થી 1000 | રૂ. 1800 |
| 7 | 1001 થી વધુ | રૂ. 2200 |

8. તાલુકા કક્ષાએ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તાલુકા લાયઝનશ્રી,સી.આર.સી.કો-ઓર્ડીનેટરશ્રી સાથે સંકલન કરી તાલુકા કક્ષાએ બાળમેળાનું આયોજન કરી તે આયોજન ડાયેટ જૂનાગઢને મોકલવાનું રહેશે.
9. તાલુકામાં બાળમેળા યોજાઇ ગયા બાદ તેના ફોટોગ્રાફ્સ/વિડીયોક્લીપ્સ/ડોક્યુમેન્ટરી અહેવાલ ડાયેટ કક્ષાએ આપવાનો રહેશે.
10. શાળામાં બાળમેળા/લાઈફસ્કીલ મેળા યોજાયા બાદ શાળા કક્ષાએ ખર્ચની ફાઈલ નિભાવવાની રહેશે જ્યારે ડાયટ જૂનાગઢ દ્વારા મંગાવવામાં આવે ત્યારે આપવાની રહેશે.

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

બિડાણ: બાળમેળા માટે મૂલ્યાંકન-મોનિટરીંગ ફ્રોર્મ
લાઇફસ્કીલ મેળા માટે મૂલ્યાંકન-મોનિટરીંગ ફ્રોર્મ
નકલ સવિનય રવાના જાણ થવા સારૂ :

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રોજેક્ટ કોઓર્ડીનેટરશ્રી જૂનાગઢ અને ગીર-સોમનાથ

❖ નકલ રવાના જાણ તથા અમલ થવા સારૂ :

- શાસનાધિકારીશ્રી.ન.પ્રા.શિક્ષણ સમિતિ, જૂનાગઢ અને ગીર-સોમનાથ.
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ તાલુકા, જિ.જૂનાગઢ અને ગીર-સોમનાથ.

❖ નકલ રવાના જાણ, અમલ તથા માર્ગદર્શન/મોનીટરીંગ થવા સારૂ :

- તાલુકા લાયઝનશ્રી, તમામ તાલુકા, જૂનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લો, સદર કચેરી
- સી.આર.સી. કો શ્રી, તમામ તાલુકા, જૂનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લો (બી.આર.સી.કોશ્રી મારફત )
- શાળાના આચાર્યશ્રી, તમામ, જૂનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લો (સી.આર.સી.કોશ્રી મારફત )

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢ

બિલખા રોડ. જૂનાગઢ
Ph.no: 0265 2622361
Email: dietjunagadh@gmail.com

જા.વકનં:જશભ/WE/બાળમેળા/2022-23/1012-34 તા.04/07/2022

પ્રતિ,
બી.આર.સી.કો.ઓર્ડિનેટરશ્રી તમામ,
તમામ તાલુકા,જિ.જૂનાગઢ અને ગીર-સોમનાથ.

વિષય:- વર્ષ: 2022-23માં બાળમેળા અને લાઇફસ્કીલ મેળાનું તાલુકા કક્ષાનું આયોજન મોકલવા બાબત.
સંદર્ભ :- ક્રમાંક:જીસીઈઆરટી/તાલીમ/2022-23/19695-75,તારીખ:01/07/2022

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે આ વર્ષે (વર્ષ:2022-23)માં તાલુકાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રથમ દિવસે ધો. 1 થી 5ના બાળકો માટે બાળમેળો તથા બીજા દિવસે ધો. 6 થી 8 ના બાળકો માટે લાઈફ સ્કીલ મેળા નું આયોજન તારીખ: 15/07/2022 સુધીમાં કરવાનું થાય છે. જેનો વિગતવાર પરિપત્ર અલગથી આપને કરેલ છે.

બાળમેળા અને લાઇફસ્કીલ (જીવનકૌશલ્ય) મેળા માટે આપના દ્વારા વિદ્યાર્થીની સંખ્યા આધારિત મોકલવામાં આવેલ શાળાની સંખ્યા મુજબ તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓ, કે.જી.બી.વી., આશ્રમશાળા, મોડેલ સ્કૂલ (ધોરણ- 1 થી 8) પ્રત્યેક શાળાને વિદ્યાર્થીની સંખ્યા આધારિત ગ્રાન્ટની ફાળવણી શાળા કક્ષાએ ડાયેટ, જૂનાગઢ દ્વારા શાળાના એસ.એમ.સી. એજ્યુકેશન એકાઉન્ટમાં જમા કરાવવામાં કરવામાં આવશે.

બાળમેળા અને લાઈફસ્કીલ મેળાનું આયોજન તાલુકા લાયઝનશ્રી સાથે સંકલન કરી સત્વરે કરવાનું રહેશે. આ આયોજન તા. 15/07/2022 સુધીમાં પૂર્ણ થાય તે રીતે કરવાનું રહેશે. આ પ્રવૃત્તિનું આયોજન કરી નીચે પ્રમાણેના ફોરમેટમાં દિન-02 માં ડાયેટ જૂનાગઢ ખાતે મોકલી આપવાનું રહેશે.

### બાળમેળા અને લાઇફસ્કીલ મેળાનું તાલુકા કક્ષાનું આયોજન
(વર્ષ:-2022-23 )

તાલુકો :-

| ક્રમ | દિન | કક્ષા | ધોરણ | આયોજિત તારીખ |
|---|---|---|---|---|
| 1 | પ્રથમ દિવસ | પ્રાથમિક કક્ષા | 1 થી 5 | |
| 2 | બીજો દિવસ | ઉચ્ચ પ્રાથમિક કક્ષા | 6 થી 8 | |

<u>નોંધ:-</u>

- <u>બાળમેળા અને લાઇફસ્કીલ મેળાની પ્રવૃત્તિ પૂર્વે શિક્ષકે ક્યુ.આર. કોડમાં આપેલ તેમજ અન્ય પ્રવૃત્તિનું નિદર્શન કરાવવાનું રહેશે. ત્યારબાદ બાળમેળા અને લાઇફસ્કીલ બાળમેળાની જુદી જુદી પ્રવૃત્તિમાં શાળાના દરેક બાળકો ભાગ લઇ શકે તે રીતે જુદા જુથ રોટેશન મુજબ આયોજન કરવાનું રહેશે.</u>
- જે શાળા ધો. 1 થી 5ની હશે ત્યાં પ્રથમ દિવસ બાળમેળાનું આયોજન થશે. જે શાળા ધો. 1 થી 8 ની હશે ત્યાં પ્રથમ દિવસે બાળમેળા અને બીજા દિવસે લાઈફસ્કીલ મેળાનું આયોજન થશે. આ બાળમેળાનું આયોજન <u>તા.15/07/2022 સુધીમાં પૂર્ણ થાય</u> તે ધ્યાને લેશો.

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

❖ નકલ સવિનય રવાના જાણ થવા સારૂ :
  - જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રોજેક્ટ કોઓર્ડીનેટરશ્રી જૂનાગઢ અને ગીર-સોમનાથ

❖ નકલ રવાના જાણ, અમલ તથા સંકલન થવા સારૂ :
  - શાસનાધિકારીશ્રી,ન.પ્રા.શિક્ષણ સમિતિ, જૂનાગઢ અને ગીર-સોમનાથ
  - તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ તાલુકા, જૂનાગઢ અને ગીર-સોમનાથ
  - તાલુકા લાયઝનશ્રી ,તમામ તાલુકા, જૂનાગઢ અને ગીર-સોમનાથ
    જિલ્લો, સદર કચેરી

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ

બિલખા રોડ, જૂનાગઢ

**Ph.no: 0285 2622361**

**Email: dietjunagadh@gmail.com**


જાવકનં:જશભ/તલમ/બાળમેળા/2022-23/ ૧૨૫૦ - ૧૨૮૦ તા.17/08/2022

પ્રતિ,

- બી.આર.સી.કો.ઓ.શ્રી, તમામ
  જિ.જૂનાગઢ

વિષય:- બાળમેળા - લાઇફસ્કીલ ડોક્યુમેન્ટ્રી બાબત.

સંદર્ભ :- ક્રમાંક:જીસીઈઆરટી/તાલીમ/2022-23/23664-93 તારીખ:10/08/2022

જય ભારત સાથ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, જિલ્લાના તમામ તાલુકામાં બાળમેળા - લાઇફસ્કીલ મેળાનું આયોજન થઇ ગયેલ છે. તે અન્વયે જિલ્લાની ડોક્યુમેન્ટ્રી તૈયાર કરવાની થાય છે. આ તાલીમ વર્ગમાં આપના તાલુકામાંથી ટેકનોલોજીના જાણકાર તાલુકાદીઠ ૧ (એક) સી.આર.સી./બી.આર.પી. આપની કક્ષાએથી આદેશ કરવા જણાવવામાં આવે છે.

સ્થળ:- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ, જૂનાગઢ

તારીખ:- ૨૪ થી ૨૬ ઓગષ્ટ, ૨૦૨૨

સમય:- સવારે ૧૦-૩૦ કલાકે

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જૂનાગઢ

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

નકલ સવિનય રવાના:-

- સચિવશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ

બિલખા રોડ, જૂનાગઢ

Ph.no: 0285 2622361

Email: dietjunagadh@gmail.com


જાવક નં:જશાભ/તાલીમ/2022-23/1404-26 ........................................................ તા.24/08/2022

પ્રતિ,

- બી.આર.સી.કો.ઓ.શ્રી, તમામ
  જિ.જૂનાગઢ

<u>વિષય:-</u> બાળમેળા - લાઇફસ્કીલ મેળાની મુલાકાત કર્યા બદલની ગુગલ ફોર્મની લિન્ક પર માહિતી ભરવા બાબત.

<u>સંદર્ભ</u> :- ક્રમાંક:જીસીઈઆરટી/તાલીમ/2022-23/19695-75,તારીખ:01/07/2022

જય ભારત સાથ ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, જિલ્લાના તમામ તાલુકામાં બાળમેળા - લાઇફસ્કીલ મેળાનું આયોજન થઇ ગયેલ હશે. આપના તાલુકામાં બાળમેળા - લાઇફસ્કીલ મેળા યોજાય ગયેલ છે. તે અન્વયે આપેલ ગુગલ ફોર્મમાં આપના તાલુકાના તમામ બી.આર.સી.કો.ઓ., સી.આર.સી.કો.ઓ. અને બી.આર.પી.શ્રીએ તા.૨૫/૦૮/૨૦૨૨ સુધીમાં આપેલ ગુગલ ફોર્મ સત્વરે ભરવા આપની કક્ષાએથી જાણ કરવા જણાવવામાં આવે છે.

બાળમેળા -

https://docs.google.com/forms/d/e/1FAIpQLSc2StXeqGTqtIItSf3nIIrpZID5xVv8cOjJUgg50VrusrVThQ/viewform?usp=sf_link

લાઇફસ્કીલ -

https://docs.google.com/forms/d/e/1FAIpQLSefzIHOvSrv6pN6GrEJuItWQ87HwMM23e13ghSWJuEj1wuD7A/viewform?usp=sf_link

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

નકલ સવિનય રવાના:-

- સચિવશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જૂનાગઢ
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ જિ.જૂનાગઢ

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ

## બાળમેળા અને લાઇફસ્કીલ મેળાનું યુટીલાઇઝેશન સર્ટિફિકેટ

## વર્ષ ૨૦૨૨-૨૩

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને પરિષદ, (જીસીઇઆરટી) ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩માં જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળમેળા અને લાઇફસ્કીલમેળા યોજવા માટે ઇડીએન-૧૨ એપેન્ડીક્ષ-૬ અન્વયે નીચે જણાવેલ કુલ રૂ.૬,૮૯,૨૦૦/-(અંકે રૂપિયા છ લાખ નવ્યાસી હજાર પૂરા) પુરાની ગ્રાન્ટ મળેલ હતી. જે અન્વયે નીચે જણાવ્યા મુજબ કુલ રૂ.૬,૮૦,૬૦૦/- (અંકે રૂપિયા ૬ લાખ એસી હજાર છસો) પુરાનો ખર્ચ કરવામાં આવેલ છે.

| હેડ | કુલ મળેલ ગ્રાન્ટ | ઉપાડેલ ગ્રાન્ટ | ખર્ચ થયેલ | ચલણ થી જમા કરાવેલ |
|---|---|---|---|---|
| ૯-જનરલ | ૬,૮૯,૨૦૦/- | ૬,૮૯,૨૦૦/- | ૬,૮૦,૬૦૦/- | ૮,૬૦૦/- |
| ૯૫-એસ.સી.એસ.પી. | | | | |
| ૯૬-ટી.એ. એસ.પી. | | | | |
| કુલ | ૬,૮૯,૨૦૦/- | ૬,૮૯,૨૦૦/- | ૬,૮૦,૬૦૦/- | ૮,૬૦૦/- |

તારીખ:-૨૪/૦૮/૨૦૨૨

પ્રાચાર્યની સહી..........

બિડાણ:- ભરેલ ચલણની પહોંચ

G.C.E.R.T. ગાંધીનગર પ્રેરિત અને

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જુનાગઢ આયોજિત



# જુનાગઢ જિલ્લા બાળમેળા અને લાઈફ સ્કીલ મેળા વર્ષ 2022-2023



આપની શાળામાં થયેલી પ્રવૃત્તિના ફોટો અને અહેવાલ નીચે આપેલી લીંક ખોલી અપલોડ કરો

https://forms.gle/vBYVdWxVUpAy4E466

આપની શાળામાં થયેલ વિશેષ પ્રવૃત્તિ ના વિડીયો તેમજ અન્ય ડોક્યુમેન્ટરી નીચે આપેલા ઇ-મેલ આઇ ડી પર મોકલો

dietjunagadh@gmail.com



# બાળમેળા આયોજન માટે કરેલ બેઠકોની મિનિટ્સ

તારીખ 05/07/2022ના રોજ જૂનાગઢ જિલ્લા અને ગીરસોમનાથ જિલ્લાના માનનીય જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સાહેબ, ડાયેટના વ્યાખ્યાઓ, બંને જિલ્લાના તમામ બી.આર.સી કોર્ડીનેટર અને સી.આર.સી કોર્ડીનેટરની સાથે એક વેબિનારનું આયોજન કરવામાં આવેલ હતું. આ વેબીનારમાં આગામી સમયમાં કરવાના થતાં બાળમેળા અને લાઈફસ્કીલ મેળાનાં આયોજન બાબતે ચર્ચા કરવામાં આવી હતી. તમામ તાલુકાનાં બીઆરસી કોર્ડીનેટર દ્વારા પોતાના તાલુકામાં જે આયોજન નક્કી કરેલ હોય તથા બાળમેળા અને લાઈફસ્કીલ મેળાની તારીખ નક્કી કરવામાં આવે તે સંબંધિત તાલુકાના લાયઝન અધિકારીને પણ જાણ કરવામાં આવે તેવી ચર્ચા કરવામાં આવી હતી.




Thank You

